**GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD**
**GANDHINAGAR**

**ધોરણ-10 માટેની નિદાન કસોટી**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Subject** | **:-** | **SCIENCE (11)** | **Total Marks** | **:-** | **80** |
| **Medium** | **:-** | **Gujarati** | **Time** | **:-** | **3 Hours** |

## વિભાગ - A

**પ્રશ્ન 1 નીચે આપેલા વિધાનો માટે તેમની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો.** **(6)**

1. દ્રવ્યનીકઈભૌતિકઅવસ્થામાંતેનેચોક્કસઆકારહોયછે. 1
   (A) પ્રવાહી અને વાયુ (B) પ્રવાહી (C) વાયુ (D) ઘન
2. નીચેના પૈકી કયો પદાર્થ શુધ્ધ પદાર્થ તરીકે વર્તે છે? 1
   (A) સોડિયમ ક્લોરાઈડ (B) ઠંડુ પીણું (C) એરોસોલ (D) માટી
3. નીચેનામાંથી કઇ જોડ સાચી નથી. 1
   (A) કેલ્શિયમ- Ca (B) સિલ્વર-Ag (C) ગોલ્ડ- Au (D) કોપર-Co
4. પરમાણુનું મોટાભાગનું દળ ______માં સમાયેલું હોય છે. 1
   (A) પ્રોટોન (B0 ઈલેક્ટ્રોન (C) કેન્દ્ર (D) ન્યુટ્રોન
5. નીચેના દર્શાવેલા મિશ્રણોમાંથી કયુ દ્રાવણ નથી? 1
   (A) દરિયાનું પાણી (B) હવા (C) સોડાવોટર (D) કોલસો
6. કઈ પેશી રેખીય પટ્ટાઓ ધરાવતી અનૈચ્છિક સ્નાયુપેશી છે? 1
   (A) કંકાલ સ્નાયુપેશી (B) સરળ સ્નાયુપેશી (C) હૃદ સ્નાયુપેશી (D) તંતુ ઘટકપેશી

**પ્રશ્ન 2 નીચે આપેલા વિધાનો સાચા બને તે રીતે ખાલી જગ્યા પૂરો.** **(6)**

1. _______ સંધિપાદ સમુદાયનું પ્રાણી નથી (જિંગા, પતંગિયું, જળો) 1
2. એક પદાર્થ r ત્રિજ્યાવાળા વર્તુળાકાર માર્ગ પર 10 $ms^{-1}$ ની અચળ ઝડપે ગતિ કરે છે,તો તે પદાર્થ _______ ગતિ કરે છે. (અચળ વેગી, પ્રવેગી, અચળ પ્રવેગી) 1
3. પદાર્થ પર બળ લગાડવામાં આવે ત્યારે તેના _______ પર અસર થતી નથી.(દળ,આકાર,વેગ) 1
4. મુક્ત પતન કરતા પદાર્થનો પ્રારંભિક વેગ _______ હોય છે. (વધુ, 9.8 $ms^{-1}$, શૂન્ય) 1
5. ધ્વનિ તરંગો _______ માંથી પ્રસરણ પામી શકતા નથી. (કાચ,પાણી,શૂન્યાવકાશ) 1
6. ક્ષય એ _______ થી થતો રોગ છે. (વાઇરસ, પ્રજીવ,બેક્ટેરિયા) 1

**પ્રશ્ન 3 નીચે આપેલા વિધાનો સાચાછે કે ખોટા તે લખો.** **(4)**

1. ઇન્ફ્લુએન્ઝા શ્વસનતંત્રનો રોગ છે. 1
2. દિવસે પવનની ગતિ જમીનથી દરિયા તરફની હોય છે. 1
3. યુરીયા નાઇટ્રોજન પોષક તત્વ આપતું ખાતર છે. 1
4. જડત્વ અદિશ રાશિ છે. 1

**પ્રશ્ન 4 નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો.** **(8)**

1. પ્રદૂષિત હવામાં શ્વાસ લેવાથી કયા રોગો થવાની સંભાવના વધે છે? 1
2. નીંદણ પાક વનસ્પતિઓની વૃધ્ધિને કેવી રીતેઅસર કરે છે? 1

3. પૃથ્વી માટે સૌથી મોટો ઊર્જા સ્ત્રોત કયો છે? 1

4. 314m પરિઘવાળા વર્તુળાકાર પથ પર નીપા એક ચક્ર પૂરું કરે છે. નીપાએ કરેલું સ્થાનાંતર કેટલું થાય? 1

5. કયા તરંગોનું પ્રસારણ સંઘનન અને વિઘનન દ્વારા થાય છે? 1

6. પૃષ્ઠવંશી પ્રાણીઓમાં મેરુદંડ શામાં રૂપાંતર પામે છે. 1

7. રુધિરનો લાલ રંગ કયા ઘટકોને આભારી છે? 1

8. ATPનું પૂરું નામ જણાવો. 1

## <u>વિભાગ - B</u>

◉ **નીચે પૈકી કોઈપણ 9 પ્રશ્નોના 40 થી 50 શબ્દોની મર્યાદામાં માગ્યા મુજબ ઉત્તર લખો. નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો. (દરે કના બે ગુણ)**

**પ્રશ્ન 5** દ્રવ્યના કણોમાં કયા પ્રકારની લાક્ષણીકતાઓ હોય છે? 2

**પ્રશ્ન 6** મિશ્રણ એટલે શું? તેના ઉદાહરણ આપો. 2

**પ્રશ્ન 7** યોગ્ય જોડકા જોડો. 2

| વિભાગ I (તત્વ) | વિભાગ II (સંજ્ઞા) |
|---|---|
| (1)ફોસ્ફરસ | (a)  |
| (2)સિલ્વર | (b)  |
| (3) આયર્ન | (c)  |
| (4) લેડ | (d)  |

**પ્રશ્ન 8** તફાવતના બે-બે મુદ્દા આપો: ઝડપ- વેગ 2

**પ્રશ્ન 9** તફાવતના બે-બે મુદ્દા આપો: પરમાણ્વીય ક્રમાંક- પરમાણ્વીય દળાંક 2

**પ્રશ્ન 10** સ્થાનાંતર માટે નીચેના પૈકીની પરિસ્થિતિ સાચી છે કે ખોટી તે કારણ સાથે જણાવો. 2
(a) તે શૂન્ય હોઈ શકે નહિ. (b) તેનું મુલ્ય પદાર્થ દ્વારા કપાયેલ અંતર કરતાં વધુહોય છે.

**પ્રશ્ન 11** "જ્યારે જાજમ(કાર્પેટ)ને લાકડી વડે ફટકારવામાં આવે છે ત્યારે તેમાંથી ધૂળ બહાર આવે છે." સમજાવો. 2

**પ્રશ્ન 12** તફાવતના બે-બે મુદ્દા આપો: દળ- વજન 2

**પ્રશ્ન 13** મેઘગર્જના અને વીજળી બંને એક સાથે ઉત્પન્ન થાય છે પરંતુ વીજળી દેખાય તે પછી કેટલીક સેકંડ બાદ મેઘગર્જના સંભળાય છે. કારણ આપો. 2

**પ્રશ્ન 14** શિમ્બીકુળની વનસ્પતિઓના ઉછેર માટે નાઈટ્રોજન યુક્ત ખાતર ઉમેરવાની જરૂર શા માટે નથી? 2

**પ્રશ્ન 15** જીવન માટે પાણીની આવશ્યકતા કેમ છે? 2

**પ્રશ્ન 16** ભૌતિક અને રાસાયણિક ફેરફારો બે-બે ઉદાહરણ દ્વારા સમજાવો. 2

## <u>વિભાગ - C</u>

◉ **નીચે પૈકી કોઈપણ 6 પ્રશ્નોના 60 થી 80 શબ્દોની મર્યાદામાં ટૂંકમાં માગ્યા મુજબ ઉત્તર લખો. (દરે કના3 ગુણ)**

**પ્રશ્ન 17** નીચેના સંયોજનોના રાસાયણિક સુત્રો લખો. (1) એલ્યુમિનિયમ ઓક્સાઈડ (2) કેલ્શિયમ હાઈડ્રોકસાઈડ (3) સોડિયમ કાર્બોનેટ 3

**પ્રશ્ન 18** નીલ્સ બ્હોરે રજુ કરેલા પરમાણુ નમુનો સમજાવં. 3

**પ્રશ્ન 19** નીચેનાને તત્વ, સંયોજન અને મિશ્રણમાં વર્ગીકૃત કરો.
(1) સોડિયમ (2) માટી (3)ખાંડનું દ્રાવણ (4) કેલ્શિયમ કાર્બોનેટ (5) મિથેન (6) સિલ્વર 3

**પ્રશ્ન 20** પ્રવેગનું સૂત્ર લખો. તમે કોઇ વસ્તુની બાબતમાં ક્યારે કહી શકોકે,
(i)તે અચળ પ્રવેગથી ગતિ કરે છે? (ii) તે અસમાન પ્રવેગથી ગતિ કરે છે? 3

**પ્રશ્ન 21** અનુરણન વિશે સમજૂતી આપો અને તેને ઘટાડવાન/નિવારવાના ઉપાયો જણાવો. 3

**પ્રશ્ન 22** વનસ્પતિના પોષક તત્વો સમજાવો. 3

**પ્રશ્ન 23** કણાભસૂત્રની રચના, વિશિષ્ટતા અને કાર્યની સમજૂતી આપો. 3

**પ્રશ્ન 24** ઘન, પ્રવાહી અને વાયુ અવસ્થાના બે-બે ગુણધર્મો (લાક્ષણિકતાઓ) જણાવો. 3

**પ્રશ્ન 25** નીચે મુજબ X,Y, અને Z પરમાણ્વીય સ્પીસિઝના કેન્દ્રની રચના નીચે મુજબ છે.

| | X | Y | Z |
|---|---|---|---|
| પ્રોટોન | 3 | 6 | 7 |
| ન્યુટ્રોન | 4 | 6 | 7 |

3

X, Y,અને Z નો

(i) પરમાણ્વીય ક્રમાંક

(ii) પરમાણ્વીય દળાંક જણાવો.

## <u>વિભાગ - D</u>

◉ **નીચે પૈકી કોઈપણ 5 પ્રશ્નોના 90 થી 120 શબ્દોની મર્યાદામાં વિગતવાર માગ્યા મુજબ ઉત્તર લખો. (દરે ક પ્રશ્નના4 ગુણ)**

**પ્રશ્ન 26** બાષ્પીભવન પર અસર કરતાં પરિબળો સમજાવો. 4

**પ્રશ્ન 27** રુથરફોર્ડનો $\alpha$- કણ પ્રકીર્ણનનો પ્રયોગ સમજાવો. 4

**પ્રશ્ન 28** ન્યુટનનો ગતિનો બીજો નિયમ લખો અને $F = ma$ સૂત્ર મેળવો. 4

**પ્રશ્ન 29** ગુરુત્વાકર્ષણનો સાર્વત્રિક નિયમ સમજાવો અને તેનું ગાણિતિક સ્વરૂપ મેળવો. 4

**પ્રશ્ન 30** કારણો આપો:
(1) ચંદ્ર પર બે મિત્રો એકબીજાનો અવાજ સાંભળી શકતા નથી. 4
(2) નાના ઓરડામાં પડઘો સાંભળી શકાતો નથી.

**પ્રશ્ન 31** કાર્બનચક્ર પર નોંધ લખો. 4

**પ્રશ્ન 32** ચેતાપેશીનું સ્થાન,તેના કોષોનીરચના(આકૃતિ સાથે) અને કાર્ય જણાવો. 4

**પ્રશ્ન 33** સંસર્ગજન્ય રોગો એટલે શું? સંસર્ગજન્ય રોગોનો ફેલાવો વિસ્તૃત રીતે ચર્ચો 4

●●●